**ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા. ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીની રચના કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક :અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:04/૦૮/૨૦૨૦

**વંચાણે લીધા :-**

૧) ભારતના રાષ્ટ્રપતિના 'ધ શિડ્યુલ્ડ કાસ્ટસ એન્ડ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ લીસ્ટસ(મોડિફિકેશન) ઓર્ડર '૧૯૫૬' પ્રસિધ્ધ કરતું ભારત સરકારના ગૃહ મંત્રાલયનું તા.૨૯/૧૦/૧૯૫૬નું જાહેરનામું.

૨) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૧/૦૧/૨૦૧૦નો ઠરાવ.

૩) માન.મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તા.૦૩/૦૭/૨૦૨૦ના રોજ યોજાયેલ બેઠક.

૪) માન. મંત્રીશ્રી(આ.વિ.)ના અધ્યક્ષસ્થાને તા.૦૭/૦૭/૨૦૨૦ના રોજ યોજાયેલ બેઠક.

૫) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૫/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: આવિ/તા.સં.શા/૨૦૨૦/ફા.નં.૪૩૭૭/૬૯૦.

૬) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૭/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: આવિ/તા.સં.શા/૨૦૨૦/ફા.નં.૪૩૭૭/૭૦૬.

**આમુખ:**

ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી,ભરવાડ અને ચારણ(માલધારી)જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા અંગેની બાબતે સરકારને કેટલીક રજૂઆતો વિવિધ મંડળો, સંસ્થાઓ, નાગરિકો વગેરે દ્વારા મળેલ આ રજૂઆતો અંગે સરકારમાં વિવિધ કક્ષાએ બેઠકો થયેલ. તદનુસાર, પ્રસ્તુત બાબતે લાંબાગાળાના હકારાત્મક નિરાકરણ બાબત લક્ષમાં લઈ, વિધાયક પરિણામ આવે તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્રિય વિચારણાને અંતે. ગીર ,. બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ ( માલધારી ) જાતિના તારીખ ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા એક "કમિટી"ની નીચે મુજબની વિગતોએ રચના કરવાનું તેમજ આ વિષય બાબતે જરૂરી અભ્યાસ, સર્વેક્ષણ, આનુષાંગિક બાબતોની તપાસ પૂરી કરી વગેરે ત્રણ માસમાં કરી તેનો અહેવાલ , "કમિટી"ના તારણો અને ભલામણ સાથે સરકારને સુપરત કરવાનો રહેશે, તેમ સરકાર આથી ઠરાવે છે.

| અ. નં | નામ | હોદો |
|---|---|---|
| ૧ | શ્રી ડી.જી.કારીયા, માન. નિવૃત્ત ન્યાયમૂર્તિ, હાઇકોર્ટ | અધ્યક્ષ |
| ૨ | શ્રી એ.પી. ત્રિવેદી, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ | સભ્ય |
| 3 | શ્રી ડી.સી.શાહ, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ | સભ્ય |
| ૪ | શ્રી બી.કે.કુમાર નિવૃત્ત આઇ.એ.એસ. | સભ્ય |
| ૫ | શ્રી આર.ડી.કટારા, નિવૃત્ત નાયબ વન સંરક્ષકશ્રી | સભ્ય |
| ૬ | પ્રો.જે.સી.પટેલ, અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. | સભ્ય |
| ૭ | શ્રી સી.આર.સંગાડા, નિવૃત્ત અધિક કલેક્ટરશ્રી | સભ્ય સચિવ |

ઉક્ત દર્શાવેલ "કમિટી"નું કાર્યમથક (Head Quarter) રાજકોટ રહેશે. પ્રસ્તુત "કમિટી"નું કાર્યક્ષેત્ર (Terms of Reference) નીચે મુજબ રહેશે.

૧. ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૯/૧૦/૧૯૫૬ના મોડિફિકેશન ઓર્ડર મુજબ ગીર, બરડા અને આલેચના જંગલ વિસ્તારના નેસમાં વસતા રબારી, ભરવાડ અને ચારણ કે જેઓ તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા હોય તેવા વ્યક્તિઓને ઉપલબ્ધ સ્રોતોના આધારે મૂળ આદિજાતિના લોકોની ખરાઇ કરીને યાદી આખરી કરવી.

૨. ગીર, બરડા અને આલેચના જંગલ વિસ્તારના નેસમાં વસતા રબારી, ભરવાડ અને ચારણ લોકોને જે તે સમયની મુંબઇ રાજ્ય સરકાર, સૌરાષ્ટ્ર સરકાર કે પ્રવર્તમાન રાજ્ય સરકારના કોઇપણ યોજનાને કારણે કે મહેસૂલ અને વન વિભાગની કોઇપણ યોજનાને કારણે વિસ્થાપિત, પુન: સ્થાપન કરવાને કારણે તેઓના માન્ય સરકારી આધાર પુરાવાને આધારે તેઓના પેઢીનામા મુજબ કાયદેસરના લોહીનો સંબંધ ધરાવતા સીધી લીટીના વારસદાર નક્કી કરવા સબબ કાર્યવાહી કરવી.

પ્રસ્તુત "કમિટી"માટે કચેરીની વ્યવસ્થા, કર્મચારી ગણ, અધિકારીગણ, સહાયક સ્ટાફ વાહન-ડ્રાઇવર તેમજ આનુષાંગિક તમામ બાબતો કમિશનર, આ.વિ., ગુજરાત રાજ્યએ સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ કામગીરી કરવાની રહેશે. આ માટે કમિશનર, આ.વિ., ગુ.રા.ને મુકરર કરવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર -૦૨ અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના , પેટા સદર- (૨૫) વીકેવાય-૫૩ વહીવટી તંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા. ૨૮/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિદ્યુત પંડ્યા)
સરકારના સંયુક્ત સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી,બ્લોક નં. ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી ડી.જી.કારીયા, માન. નિવૃત્ત ન્યાયમૂર્તિ , હાઇકોર્ટ, બંગલો નં.૧૨, સર્વોત્તમ નગર, મેમનગર ફાયર સ્ટેશનની સામે, હાટકેશ્વર સોસાયટીની પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪.

  ૨. D-101, Defence Colony, Ground floor, New Delhi-110024.
- શ્રી એ.પી. ત્રિવેદી, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી ડી.સી.શાહ, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી બી.કે.કુમાર નિવૃત્ત આઇ.એ.એસ. (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી આર.ડી.કટારા, નિવૃત્ત નાયબ વન સંરક્ષકશ્રી, (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- પ્રો.જે.સી.પટેલ, અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી સી.આર.સંગાડા, નિવૃત્ત અધિક કલેક્ટરશ્રી(મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ , બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક નં.૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવદ.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર